# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અત્યાર સુધી ચાર કરોડ 12 લાખ આવાસ ફાળવાયા.**
2. **વિરોધ પક્ષના હોબાળા બાદ રાજ્યસભા બે વાગ્યા સુધી, જ્યારે લોકસભાની કાર્યવાહી ત્રણ વાગ્યા સુધી મોકૂફ.**
3. **સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર કાર્યાલયે ગાઝામાં ઇઝરાયેલી હુમલાની ટીકા કરી.**
4. **ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં આગામી સાત દિવસ અતિભારે વરસાદની આગાહી.**
5. **ચીનમાં વુશુ રમતની અંતિમ સ્પર્ધામાં આજે ભારતની નર્મતા બત્રા અને ચીનનાં ખેલાડી વચ્ચે મુકાબલો.**

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS HOUSES

કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અત્યાર સુધી ચાર કરોડ 12 લાખ આવાસ ફાળવ્યા છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન એક પૂરક પ્રશ્નના જવાબમાં ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી ચંદ્રશેખર પેમ્માસાનીએ કહ્યું, બે કરોડ 90 લાખ આવાસનું નિર્માણ થઈ ગયું છે.

તેમણે કહ્યું, ગત 10 વર્ષમાં નરેન્દ્ર મોદી સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કેન્દ્રીય હિસ્સા તરીકે બે લાખ 17 હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે. જ્યારે **U.P.A.** સરકાર દરમિયાન માત્ર 66 હજાર કરોડ રૂપિયા અપાયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PARLIAMENT ADJOURN

વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષના હોબાળા બાદ રાજ્યસભાની કાર્યવાહી બે વાગ્યા સુધી અને લોકસભાની કાર્યવાહી બપોરે ત્રણ વાગ્યા સુધી મુલતવી રખાઈ છે. રાજ્યસભાની કાર્યવાહી સવારે 11 વાગ્યે શરૂ

થતા ઉપસભાપતિ હરિવંશે શૂન્યકાળ ચલાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિરોધ પક્ષના સભ્યોએ બિહારમાં મતદાર યાદીમાં વિશેષ સઘન સમીક્ષા- S.I.R. અને અન્ય મુદ્દા ઉઠાવ્યા. તેમણે વિરોધ પક્ષના દળોને પોતાની જગ્યાએ બેસી જવા અપીલ કરી પણ તેઓ ન માનતા ઉપસભાપતિએ ગૃહની કાર્યવાહી બે વાગ્યા સુધી મુલતવી રાખી.

(બાઇટ- હરિવંશ, ઉપસભાપતિ)

લોકસભામાં પણ વિરોધ પક્ષના હોબાળા બાદ ગૃહની કાર્યવાહી 12 વાગ્યા સુધી મુલતવી રખાઈ હતી. ગૃહ શરૂ થતાં જ વિરોધ પક્ષના સભ્યોએ બિહારમાં S.I.Rનો મુદ્દો ઉઠાવ્યો અને તેની પર ચર્ચાની માગ કરી. હોબાળા વચ્ચે ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી પેમ્માસાનીએ પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ નિર્માણ સંબંધિત પ્રશ્નનો જવાબ આપ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UN JOURNALISTS

સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર કાર્યાલયે રવિવારે ગાઝા શહેરમાં ઇઝરાયેલના હુમલાની ટિકા કરી છે. આ હુમલામાં છ પત્રકાર માર્યા ગયા હતા. સંયુક્ત રાષ્ટ્ર-એ તેને આંતર-રાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

સંયુક્ત રાષ્ટ્રના પ્રવક્તા સ્ટિફન ડ્યૂજારિકે કહ્યું, મહાસચિવ ઍન્ટોનિયો ગુટેરેસે હુમલાની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસની હાકલ કરી છે.

જીવ ગુમાવનારા છ પત્રકારમાંથી પાંચ અલ-જઝીરા મીડિયા નેટવર્ક માટે કામ કરતા હતા. મીડિયા અધિકાર સમૂહ અને કતાર સહિત અનેક દેશે આ હુમલાની ટિકા કરી છે. બ્રિટનના પ્રધાનમંત્રી કિર સ્ટાર્મરના પ્રવક્તાએ કહ્યું, પત્રકારો સલામત વાતાવરણમાં અને ભય વગર કામ કરી શકે તે ઇઝરાયેલે ખાતરી કરવી જોઈએ. તેમણે હુમલાની ટિકા કરી તેની સ્વતંત્ર તપાસની પણ માગ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## (TIRANGA TUNE)

## DELHI TIRANGA RALLY

આજે નવી દિલ્હીમાં હર ઘર તિરંગા અભિયાનના ભાગ રૂપે સંસ્કૃતિ મંત્રાલયે તિરંગા બાઇક રેલીનું આયોજન કર્યું હતું. સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, કિરેન રિજિજુ, સંજય સેઠ અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ અન્ય સાંસદો સાથે રેલીનું નેતૃત્વ કર્યું હતું. આ રેલી સ્વતંત્રતા દિવસ પહેલા યોજાતા વાર્ષિક ઉજવણીનો એક ભાગ છે.

આ પ્રસંગે બોલતા, શ્રી શેખાવતે ત્રિરંગાને દેશને વિકસિત ભારત તરફ આગળ વધતાં  એકતાનું પ્રતીક ગણાવ્યું. વધુમાં, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે 'ભારત માતા કી જય' ના નારા સમગ્ર વાતાવરણમાં ગુંજી રહ્યા હતા અને તે દરેક હૃદયમાં વધતી દેશભક્તિને પ્રતિબિંબિત કરે છે.

**(BYTE – REKHA GUPTA, CM, DELHI)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRIRANGA RALLY JAMMU

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આજે શ્રીનગરના શેર-એ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્રથી બોટનિકલ ગાર્ડન સુધીની તિરંગા યાત્રામાં ભાગ લીધો હતો.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાન આજે સવારથી શ્રીનગરમાં ચાલી રહ્યું છે.સહભાગીઓ રાષ્ટ્રીય અભિયાન પ્રત્યે પોતાની દેશભક્તિ અને વફાદારી દર્શાવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRIRANGA RALLY

લદ્દાખમાં ઐતિહાસિક વાખા મઠ નજીક હર ઘર તિરંગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વાખા-મુલબીખ વિસ્તારના લાભાર્થીઓ અને આંગણવાડી કાર્યકરો સાથે સંકલિત બાળ વિકાસ સેવા પ્રોજેક્ટ શારગોલના અધિકારીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમના ભાગ રૂપે, દેશભક્તિની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે અનેક સ્થળોએ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યા હતા. સહભાગીઓએ ત્રિરંગા સાથે સેલ્ફી પણ લીધી હતી અને પ્રમાણપત્રો મેળવવા માટે હર ઘર તિરંગા પોર્ટલ પર સેલ્ફી અપલોડ કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# NADDA ARTICLE

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ કહ્યું, સિકલ સેલ ઍનિમિયા સામે ભારતનો સંઘર્ષ માત્ર આનુવંશિક વિકારનો સામનો કરવા અંગેનો નથી, પરંતુ દેશના સૌથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાય માટે સમાનતા, ગૌરવ અને આરોગ્ય સુનિશ્ચિત કરવાનો સંકલ્પ પણ છે. સોશિયલ મીડિયા પર પોતાનો લેખ રજૂ કરતા શ્રી નડ્ડાએ કહ્યું, જુલાઈ 2023માં શરૂ કરાયેલા સિકલ સેલ ઍનિમિયા નાબૂદી માટે રાષ્ટ્રીય અભિયાનનો હેતુ માત્ર સિકલ સેલ રોગના ફેલાવાને રોકવાનો જ નહીં, પણ આ રોગથી પીડિત લાખો લોકોને ગૌરવ અને આરોગ્ય પુનઃસ્થાપિત કરવાનો પણ છે.

પોતાના લેખમાં શ્રી નડ્ડાએ કહ્યું, અભિયાનના પહેલા બે વર્ષમાં સરકાર અને રાજ્યોના સહકાર સાથે નોંધપાત્ર પરિણામ જોવા મળ્યા. તેમણે કહ્યું, આ બીમારીથી સૌથી વધુ પીડાતા 17 રાજ્યોના 300થી વધુ જિલ્લામાં 31 જુલાઈ સુધી છ કરોડથી વધુ લોકોની તપાસ કરવામાં આવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UTTRAKHAND RED ALERT

ઉત્તરાખંડમાં ગત 2 દિવસથી સતત થઈ રહેલા વરસાદથી રાજ્યમાં વિવિધ જગ્યાએ સામાન્ય જનજીવન ખોરવાયું છે. ભારે વરસાદના કારણે મુખ્ય નદીઓનું જળસ્તર ઝડપથી વધી રહ્યું છે અને પર્વતીય ક્ષેત્રોમાં નદીઓમાં પૂરની સ્થિતિ છે.

મેદાની વિસ્તારોમાં ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. જ્યારે પર્વતીય ક્ષેત્રોમાં ભૂસ્ખલન અને ભારે વરસાદથી ઘણા રસ્તાઓ બંધ થતા પરિવહન અને અવરજવર પર અસર થઈ છે.

જ્યારે દહેરાદૂન, ટિહરી, પૌરી, ચંપાવત અને બાગેશ્વર જિલ્લામાં પણ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ છે. બીજી તરફ, રૂદ્રપ્રયાગ જિલ્લામાં પ્રતિકૂળ હવામાન વચ્ચે યાત્રાળુઓની સલામતી સુનિશ્ચિત કરવા સાવચેતીના પગલા તરીકે કેદારનાથ યાત્રા 14 ઓગસ્ટ સુધી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં આગામી સાત દિવસ અતિભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે જણાવ્યું, પશ્ચિમ બંગાળની પર્વતીય ક્ષેત્રો સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ગુરુવાર સુધી અતિભારે વરસાદની શક્યતા છે. દરમિયાન ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં આજે અતિભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

બિહાર અને ઓડિશામાં પણ અલગ અલગ સ્થળોએ અતિભારે વરસાદની આગાહી છે. બિહાર, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ઝારખંડ તથા આંદામાન અને નિકોબાર ટાપુઓમાં અલગ અલગ સ્થળોએ વાવાઝોડા સાથે ભારે પવન ફૂંકાઈ શકે છે. રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હીમાં આજે વહેલી સવારે વરસાદ પડ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHINA - US TRADE

અમેરિકા અને ચીન આજે નવા ટેરિફ લાગુ થવાના થોડા કલાકો પહેલા, 10 નવેમ્બર સુધી તેમના વેપાર યુદ્ધવિરામને લંબાવવા સંમત થયા છે. એક સંયુક્ત નિવેદનમાં, બંને દેશોએ જણાવ્યું કે તેઓ ટેરિફ

વધારાને વધુ 90 દિવસ માટે સ્થગિત કરશે. અમેરિકા ચીનની ચીજવસ્તુ પર 145 ટકા સુધી ટેરિફ વધારવામાં વિલંબ કરશે, જ્યારે ચીન અમેરિકાની ચીજવસ્તુ પર 125 ટકા ટેરિફ મોકૂફ રાખશે. તેના બદલે, અમેરિકામાં ચીનની આયાત પર વર્તમાન ટેરિફ 30 ટકા અને ચીનમાં અમેરિકન નિકાસ પર 10 ટકા રહેશે.

અમેરિકના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈકાલે યુદ્ધવિરામ લંબાવવા માટે એક વહીવટી આદેશ પર હસ્તાક્ષર કર્યા, જેનાથી બંને પક્ષોને વેપાર અસંતુલન, અન્યાયી પ્રથાઓ, બજાર ઍક્સેસ અને રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓ પર વાટાઘાટો ચાલુ રાખવા માટે વધુ સમય મળ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## EC - SIR EXERCISE

**ખાસ સઘન સુધારા અંગેના વિવાદ વચ્ચે, ભારતના ચૂંટણી પંચે કહ્યું છે કે દાવાઓ અને વાંધાઓ માટેનો સમયગાળો પૂર્ણ થયાના 12 દિવસ પછી પણ, બિહારમાં કોઈપણ રાજકીય પક્ષ દ્વારા આ કવાયત અંગે એક પણ દાવો કે વાંધો રજૂ કરવામાં આવ્યો નથી. જોકે, પંચે કહ્યું છે કે ડ્રાફ્ટ**

યાદી અંગે મતદારો પાસેથી સીધા 13 હજાર 970 દાવા અને વાંધાઓ પ્રાપ્ત થયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WORLD GAMES

ચીનના ચેન્ગડૂ ખાતે વિશ્વ રમતમાં વુશુ એટલે કે, ચીનના માર્શલ આર્ટમાં ભારતનાં નમ્રતા બત્રા આજે મેદાનમાં ઉતરશે. તેઓ મહિલાઓની 52 કિલો વજન વર્ગની ફાઈનલમાં ચીનનાં મેન્ગ્યૂ ચેન સામે રમશે. ભારતીય સમય મુજબ, આજે સાંજે પાંચ વાગ્યે મુકાબલો રમાશે.

ગઈકાલે સેમિ-ફાઈનલમાં નમ્રતા બત્રાએ ફિલિપાઈન્સનાં ક્રિઝન ફૈથ કોલાડોને બે–શૂન્યથી હરાવ્યાં. નમ્રતાએ ફાઈનલમાં પહોંચીને ઇતિહાસ રચ્યો છે. આ સાથે જ ભારતનો વુશુની વિશ્વ રમતમાં પહેલો ચંદ્રક નક્કી થઈ ગયો છે. આ પહેલા ઋષભ યાદવે પુરુષોની કમ્પાઉન્ડ તીરંદાજીમાં કાંસ્ય ચંદ્રક જીતીને આ રમતમાં ભારતનો પહેલો વ્યક્તિગત ચંદ્રક અપાવ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .